બિનશૈક્ષણિક સંવર્ગ માટેનો અભ્યાસક્રમ

જુનિયર કારકૂન

પરીક્ષા પદ્ધતિ :

રાજ્ય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય ગાંધીનગરના તારીખ ૨૨ જાન્યુઆરી-૨૦૨૬ના પરિપત્ર અનુસાર ઠરાવેલ પરીક્ષા પદ્ધતિ મુજબ પરીક્ષા બે તબક્કામાં MCQ પદ્ધતિથી સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે.પરીક્ષા ભાગ-૧ અને ભાગ-૨ એમ બે ભાગમાં લેવામાં આવશે. જેનું માળખું આ મુજબ રહેશે.

તબક્કો:-૧ પ્રાથમિક પરીક્ષા **સમય:-૨ કલાક**

૧	ગુજરાતી	૧૫ ગુણ
૨	English (અંગ્રેજી)	૧૫ ગુણ
૩	General Awareness and Current Affairs (સામાન્ય જ્ઞાન તથા વર્તમાન બાબતો)	૩૦ ગુણ
૪	Quantitative Aptitude (સાંખ્યિક/માત્રાત્મક વલણ)	૩૦ ગુણ
૫	Reasoning (તર્ક)	૬૦ગુણ
	કુલ ગુણ	૧૫૦ ગુણ

૧. મુખ્ય પરીક્ષા માટેના ઉમેદવારોને પસંદ કરવા પ્રથમ તબક્કામાં પ્રાથમિક પરીક્ષા MCQ પદ્ધતિથી લેવામાં આવશે.

૨. પ્રાથમિક પરીક્ષા ૧૫૦ પ્રશ્નોના પ્રશ્નદીઠ ૧ ગુણ લેખે કુલ ૧૫૦ ગુણની રહેશે. પરીક્ષાનો સમય ૧૨૦ મિનિટનો રહેશે.

૩. પ્રશ્નના પ્રત્યેક ખોટા જવાબદીઠ ૦.૨૫ ગુણ નેગેટિવ માર્કિંગ રહેશે.

૪. દિવ્યાંગ ઉમેદવારોના કિસ્સામાં પ્રત્યેક કલાક દીઠ વધારાની ૨૦ મિનિટ લેખે વધારાનો સમય ફાળવવામાં આવશે.

૫. પ્રાથમિક કસોટી ફક્ત સ્ક્રીનિંગ ટેસ્ટ માટે છે, પ્રાથમિક કસોટીમાં ઉમેદવારે મેળવેલ ગુણને આખરી પસંદગી યાદી માટે ધ્યાને લેવામાં આવશે નહીં.

૬. પ્રાથમિક પરીક્ષાને અંતે મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરેલ ઉમેદવારોની અલગ અલગ યાદી તૈયાર કરવામાં આવશે. મેરિટના આધારે ભરવાની થતી કેટેગરીવાઇઝ જગ્યાના સાત ગણા ઉમેદવારોને બીજા તબક્કાની મુખ્ય પરીક્ષા માટે લાયક ગણવામાં આવશે.

૭. MCQ (Multiple Choice Question)માં કુલ-પાંચ વિકલ્પો (A, B, C, D,E)આપવામાં આવશે.આ પાંચ વિકલ્પોમાંથી ઉમેદવારો પ્રશ્નોનો સાચો જવાબ પસંદ કરવાનો રહેશે.

૮. પ્રશ્નના પ્રત્યેક ખોટા જવાબદીઠ/વિકલ્પ પસંદ ન કરવાના કિસ્સામાં ૦.૨૫ ગુણ નેગેટીવ માર્કીંગ રહેશે પરંતુ વિકલ્પ E પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કીંગ લાગુ પડશે નહીં.

<u>તબક્કો – ૨ : મુખ્ય પરીક્ષા</u>

પ્રથમ તબક્કાની પ્રથમ પરીક્ષાબાદ સામાન્ય વહીવટવિભાગના તા.૧૬/૧૨/૨૦૨૫ના જાહેરનામા મુજબ| પરીક્ષા MCQ (Multiple Choice Question)પ્રકારના પ્રશ્નો ધરાવતી સંયુક્ત સ્પર્ધાત્મક (Combined Competitivs Exam.) MCQ-OMR પદ્ધતિથી પરીક્ષા લેવામાં આવશે. મુખ્ય પરીક્ષાનો અભ્યાસક્રમ। Appendix-G [Rule 6(2), 7, 14,(3)] મુજબ રહેશે.

તબક્કો:-૨ મુખ્ય પરીક્ષાનો અભ્યાસક્રમ ગુણ:૨૦૦ સમય: ૨ કલાક

અભ્યાસક્રમ મુદા ક્રમ	અભ્યાસક્રમ	ગુણ
૧	Indian State System and Constitution (ભારતીય રાજ્ય વ્યવસ્થા અને બંધારણ)	૨૦
૨	Indian Economy, State Economy, NITI Aayog (ભારતીય અર્થતંત્ર, રાજ્ય અર્થતંત્ર,નીતિ આયોગ)	૨૦
૩	Public Administration and Governance (જાહેર વહીવટ અને શાસન)	૨૦
૪	Discipline and Ethics in Public Service(જાહેર સેવામાં શિસ્ત અને નીતિશાસ્ત્ર)	૧૦
૫	Information on various government Schemes (વિવિધ સરકારીયોજનાઓની માહિતી)	૩૦
૬	Regional, National and International Important Events including Current Affairs(વર્તમાન બાબતો સહીત પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય મહત્વની ઘટનાઓ)	૩૦
૭	History and Geography of Gujarat (ગુજરાતનો ઈતિહાસ અને ભૂગોળ)	૨૦
૮	Cultural Heritage of Gujarat (Art and Literature) (ગુજરાતનો સાંસ્કૃતિક વારસો (કલા અને સાહિત્ય))	૧૦
૯	Gujarati And English (ગુજરાતી અને અંગ્રેજી)	૨૦
૧૦	Science, Environment and Information Technology (વિજ્ઞાન,પર્યાવરણ અને માહિતી ટેકનોલોજી)	૨૦
	કુલગુણ	૨૦૦

<u>લઘુત્તમ લાયકાત અંગે:-</u>

પ્રાથમિક પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા માટે ઉમેદવારે આપેલ પરીક્ષામાં મેળવેલ ગુણનું ન્યૂનતમ ગુણવત્તા ધોરણ ૪૦ ટકા રાખવામાં આવેલ છે. ઉમેદવારે પ્રત્યેક તબક્કાની પરીક્ષામાં તથા તે તબક્કાના તમામ પેપરમાં લઘુતમ લાયકાત ગુણવત્તાનું ધોરણ ૪૦ ટકા માર્ક્સ નિયત કરવામાં આવેલ છે. તેમાં કોઈપણ કેટેગરીના ઉમેદવારો માટે ૪૦ ટકા માર્ક્સ કરતાં ઓછું ન્યૂનતમ ગુણવત્તા ધોરણ (Qualifying Standard) કોઈપણ સંજોગોમાં નક્કી કરી શકાશે નહીં.

ઉમેદવારે બધા જ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. ખોટા જવાબ દીઠ, છેકછાક વાળા કે એક કરતાં વધુ વિકલ્પ પસંદ કરેલ જવાબદીઠ કે જવાબ ન આપેલ હોય તેના મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે. એટલે કે નેગેટીવ માર્ક લાગુ પડશે. દરેક પ્રશ્નના જવાબમાં એક વિકલ્પ "E" Not attempted રહેશે. ઉમેદવાર કોઈ પ્રશ્નના જવાબ ન આપવા ઈચ્છતા હોય તો આ વિકલ્પ પસંદ કરી શકશે. અને તેના માટે કોઈ નેગેટીવ માર્કસ લાગુ નહીં પડે.

લહિયાની સુવિધા મેળવનાર ઉમેદવારોને પરીક્ષામાં દર કલાકદીઠ ૨૦ મિનિટનો વળતર સમય (Compensatory Time)મળવાપાત્ર રહેશે. લહિયાની સુવિધા મેળવનારે ગુ.ગૌ.પ.મંડળની સુચના મુજબની આગોતરી સઘળી કાર્યવાહી કરવાની રહેશે. ગુ.ગૌ.પ.મંડળની વેબસાઈટ પર અપાયેલી સુચના પ્રમાણે અનુસરવાનું રહેશે.